## સલામી સવારની..

સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

*ચોમાસામાં પણ થાય 'કામ' ખાડો તો પૂરાય છે!*
*મુકાદમ - મજૂર, પેટનો ખાડો તો પૂરાય છે!*
*ખાડો તો પૂરાય છે, ખાડે ગયેલી કામગીરીનો -*
*ધૂણે મોકળાશે મોટો ભૂવો, ખાડો તો પૂરાય છે!*

હાઈકુ

*થવાના સહુ -*
*ખેડૂતો ને ખાયકો -*
*તરબતર...*
*(ઝરમરીયા વરસાદમાં)*

*પાકો ડામર !*
*ઉષ્માભર્યા છાટણે -*
*પીગળી જાય!!*
*(રસ્તા ધોવાય છે એનું કારણ)*

### ચિંતન

*તિરશ્ચામપિ વિશ્વાસો દૃષ્ટઃ પુણ્યૈક કર્મણામ્ ।*
*સતાં હિ સાધુશીલ ત્વાત્સ્વભાવો ન નિવર્તતે ॥*

ઉપરોક્ત શ્લોક 'સંસ્કૃત સુભાષિત ભાંડાગાર'માંથી લેવામાં આવેલ છે.

પુણ્યશીલ મનુષ્યો પશુઓમાં પણ વિશ્વાસ કરે છે. સાધુનું ચરિત્ર ઉત્તમ હોવાથી તેના સ્વભાવમાં પરિવર્તન થતું નથી.

સાધુ લોકો - સજ્જન - સંત સ્વભાવના લોકો બધા જીવોને 'સિરાયામ' મય જાણીને પૂજ્ય - વંદનીય જ માને છે. દરેક પ્રાણીના આત્માને સમાન દૃષ્ટિથી જ જૂએ છે.

પશુઓ પણ આવા સજ્જન સ્વભાવના સંતોને ઓળખી જાય છે અને એમના મનોભાવને અનુરૂપ પ્રત્યાઘાત પણ આપતા હોય છે.

### સુવિચાર

- યાદ રખના, સપને તુમ્હારેં હૈ, તો પૂરા ભી તુમ હી કરોગે,
  ન હી હાલાત તુમ્હારે હિસાબ સે હોંગે ઔર ન લોગ... - **આદર્શ પૂનાવાલા**
- ગમે તેટલા સારા કામ કરો, આ કળિયુગ છે સાહેબ, જૂઠાનો 'સ્વીકાર' થાય,
  સાચાનો 'શિકાર' થાય - **મોરારિ બાપુ**
- શિસ્ત એ ડહાપણ છે, તેનાથી ઉલ્ટું પણ સાચું છે - **એમ. સ્કોટ**
- સફળતા પછીનો સૌથી અઘરો તબક્કો,
  તમારી સફળતાથી ખુશ થનારને શોધવાનો હોય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- જીવન આપણને નહીં, આપણે જીવનને જવાબદાર છીએ - **ડેનિસ વેટલી**
- નસીબ એ શોધવાની નહીં, પ્રગટાવવાની બાબત છે - **એરિક બેટરવર્થ**
- આજનું ઔષધ : પાંચ લવીંગ ને પાણીમાં પીસી તેમાં ખડી સાકર ભેળવીને એક એક કપ સવાર-બપોર-સાંજ રાત પીવાથી હૃદયની બળતરામાં રાહત થાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

તમિલનાડુમાં એક ગરીબ માછીમાર પરિવારમાં બાળકીનો જન્મ થયો. નાનપણમાં તેમના માતાપિતાનો સ્વર્ગવાસ થયો. આથી તેમનો ઉછેર ગામના મંદિરના બ્રાહ્મણ પુજારી થકી થયો. બાળકી સોળ વર્ષની થઈ તે દરમિયાન એમનું મન ઈશ્વરભક્તિ તરફ સંપૂર્ણ સમર્પિત થઈ ગયું હતું. તેમના વાલી પિતા એ તેમના માટે યોગ્ય વરની શોધ શરૂ કરી. તેમને વાલીને કહ્યું,'મારે ઘર-સંસાર શરુ કરવાનો નથી.' તેઓ દેખાવમાં ભલે ઘણુંવર્ષા હતા પણ તેમ છતાં સુંદર દેખાતા હતા. પાલક પિતા પૂજારી ઘરડા થઈ રહ્યા હતા. આથી તેમને દીકરીને પરણાવવાની ઉતાવળ પણ હતી. એમને લાગ્યું કે જે યુવાની અને રુપસૌંદર્યને કારણે લગ્નના બંધનમાં બાંધવામાં આવી રહ્યા છે, જો એ રુપ જ ન રહે તો મારી ઈચ્છા પૂરી થઈ શકશે અને સમાજ સેવા અને ભગવાનની પૂજામાં જીવન સમર્પિત થઈ શકશે. એક રાત્રે તેમણે મંદિરમાં જઈને પ્રાર્થના કરી કે 'હે ઈશ્વર, આપની ભક્તિ અને સરસ્વતીના ઉપાસનામાં મારું યૌવન અને સૌંદર્ય અવરોધક બની રહ્યો છે. મારા શરીરને કુરુપ બનાવી દો જેથી હું નિશ્ચિત થઈ આપની સેવામાં પરોવાઉં. અને સમાજ સેવા કરું.' ઈશ્વરે એમનો આર્તનાદ સાંભળ્યો હોય તેમ એક જ રાતમાં એમનું શરીરનું તેજ વિલાઈ ગયું અને તેઓ ઘરડા દેખાવા લાગ્યા. લોકો એમને જોઈને દુઃખી થઈ ગયા પણ હકીકત જાણી તેઓ પણ એમના ભક્ત થઈ ગયા. એમણે એક ગ્રંથ પણ લખ્યો. એમાં લખ્યું કે શરીર તો પાણીનો પરપોટો છે. અને ધનસંપત્તિ તો દરિયાની લહેરો છે. પાણીથી લખાયેલી રેખાઓ કેટલો સમય ટકી શકે ? શરીર અને ધન પણ એટલો જ સમય ટકી શકે. તેમનું નામ હતું સાધ્વી અવ્વયાર.

# આત્મહત્યા સરકારની શરમ છે


તંત્રીસ્થાનેથી...

નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરોના અધિકૃત અહેવાલમાં ૨૦૧૯ના વર્ષમાં થયેલા આત્મહત્યાના આંકડા જાહેર કરાયા છે જે જોઈને એમ જ લાગે કે કહેવાતા પ્રગતિશીલ દેશને વિશ્વની મહાસત્તા બનવાની ઉતાવળ છે એ કરતાં પોતાના નાગરિકોની જિંદગી બચાવવાની ફિકર હોવી જોઈતી હતી. આર્થિક તંગીથી ત્રાસીને થયેલા આત્મહત્યાના કેસ સ્વાભાવિક રીતે જ ચાલુ વર્ષે તો આગળનાં વર્ષોની સરખામણીએ વધી જશે. ૨૦૧૯માં ખેતી સાથે સંકળાયેલા વર્ગમાં આપઘાત કરનારાઓની સંખ્યા ૪૩૦૦૦ હતા. એકંદરે દેશમાં ૨૦૧૯ના વર્ષ દરમિયાન ૧, ૨૯, ૧૨૩ લોકોએ આત્મહત્યા કરી હતી, ૨૦૧૮માં આપઘાત કરી મોત વહાલું કરનારાઓની સંખ્યા ૧, ૩૪, ૫૧૬ હતી. અને ૨૦૧૭માં કુલ ૧, ૨૯, ૮૮૭ લોકોએ આપઘાત કર્યો હતો. આપઘાત કરનારાઓ પૈકી ૨૩.૪ ટકા રોજેરોજે મજૂરી કરી જીવનારા ખેતમજૂરો/રોજમદારો હતા. આપઘાત કરનારાઓની સંખ્યામાં વરસોવરસ વધારો થતો રહે છે તે સૂચક છે. ૨૦૨૦માં તો કોરોના સંકટના પગલે ફરજિયાત 'લોકડાઉન'ની નોબત આવી. સ્વાભાવિક છે કે તે વખતે કામ નહીં મળતાં ઘણા બધાં શ્રમિકોને નાછૂટકે મોત વહાલું કરવું પડ્યું હશે. એ આંકડા, સરકાર ગમે તેટલા કસી કસીને જાહેર કરશે તો પણ આગળનાં વર્ષોની સરખામણીએ ઘણા વધારે જ હોવાના. આપઘાત કરનારાં લોકોમાં પુરુષોની સંખ્યા વધારે છે એ બાબત પણ સૂચક છે. આખરે તો આપણા પુરુષપ્રધાન સમાજમાં ઘર નિભાવવાની જવાબદારી પુરુષના શિરે જ હોય છે. સ્ત્રી જરૂર ઓછામાં ઓછી આવક હોય તો પણ કરકસરપૂર્વક ઘર ચલાવવા કોશિશ કરતી રહે છે, પણ જયારે ચૂલો સળગાવવાની જ ક્ષમતા ન રહે ત્યારે એ પોતાનાં સંતાનોને ભૂખે ટળવળતાં જોઈ શકતી નથી. ઘરના કંકાસનો મોટાભાગનો બોજ આખરે પુરુષ પર આવે છે અને જયારે દૂર સુધી નજર નાખવા છતાં પેટનો પ્રશ્ન નહીં જ ઉકેલી શકાય એવું લાગે ત્યારે પુરુષ ડિપ્રેશન અને ફ્રસ્ટ્રેશનમાં આવી જિંદગી ટૂંકાવી નાખવાવો વિકલ્પ પસંદ કરે છે. કલ્યાણરાજ ગણાતી લોકશાહીમાં એક તરફ આપણે ચંદ્ર અને મંગળ પર યાન મોકલાવા પાછળ કરોડો-અબજોનું આધણ મૂકતા રહીએ છીએ; આપણા કહેવાતા સેવાવ્રતી નેતાઓની સુરક્ષા પાછળ અબજોનો ખર્ચ થતો રહે છે, એમના વિદેશપ્રવાસો પાછળ બેશુમાર નાણાં વેડફાતાં રહે છે અને સરહદ પર દુશ્મન દેશો સામે ટકી રહેવા માટે અબજો રૂપિયા સંરક્ષણ વિભાગના નામે ઉધારાઈ જાય છે ત્યારે સૌથી વધુ અગત્યના નાગરિકના મૂળભૂત અધિકાર - 'જીવવાના અધિકાર' માટે આપણી સરકાર કેટલું બજેટ ફાળવે છે, તેનો હિસાબ માગવાનો સમય પાકી ગયો છે. સરકાર ગમે તે પક્ષની હોય, પરંતુ પ્રજાના પરસેવાની કમાણી ધોળિયાઓ કે કેસરિયાઓ ઘર ભરવા પાછળ અને તાગડધિન્ના કરવા પાછળ જ વાપરી નાખે છે. શું ખેડૂત કે ખેતમજૂરને મરતો બચાવવાની નૈતિક જવાબદારી ચૂંટાયેલી લોકપ્રિય સરકારની નથી ? આત્મહત્યા કરનારાઓ પૈકી દશેક ટકા તો બેરોજગારો જ હોય છે. સરકારે ખાનગીકરણ કરવાની લાયમાં કર્મચારીઓની ભરતી પર જ કામ મૂકી દીધો છે. મોટી મોટી યોજનાઓ જાહેર કરાતી રહે એછે પણ એથી કેટલાને રોજગારી મળી એનું સર્વેક્ષણ થયું ખરું ? 'મન કી બાત'માં વડાપ્રધાન ભજિયાંની લારી કરનારને પણ આત્મનિર્ભરતાનું જ ઉદાહરણ ગણાવશે. પરંતુ શું યુનિવર્સિટીની પોસ્ટ ગ્રેજ્યુએટ ડિગ્રી મેળવનારને ભજિયાંની લારી કરવાનો શોખ જાગે? સરકાર રોજગારી નથી આપી શકતી તેથી નાછૂટકે પોતાની વિશિષ્ટ આવડત કે 'સ્કીલ' ને બાજુએ મૂકી જે ધંધો રોટલો આપે એ કરવા આ દેશનો ભણેલો ગણેલો યુવાન મજબૂર બને છે. વરસેદહાડે હજારો-લાખોની સંખ્યામાં ટેકનિકલ કારીગરોથી લઈ શ્રમિકો અને પ્રખર બૌદ્ધિકો દેશમાંથી હિજરત કરી અમેરિકા, કેનેડા, યુકે અને ઓસ્ટ્રેલિયામાં કેમ ઠલવાતા રહે છે? સરકાર પાસે ઊંચી અપેક્ષાઓ રાખી થાકેલા-હારેલા યુવાન કાં તો ખરાખોટા રસ્તે દેશમાંથી પલાયન કરે છે, બેન્કોમાં દેવાં ભરપાઈ નહીં કરી શકતો ખેડૂત આત્મહત્યા કરે છે અને ખેતમજૂર કે શ્રમિક રોજી છીનવાઈ જતાં કાં તો લૂંટફાત કે અંધારી આલમ સાથે જોડાઈ જાય છે, કે પછી એ પણ ભૂખે ટળવળતાં બાળકોનું દુઃખ જોયું ન જાય ત્યારે પંખે લટકી પડે છે કાં તો જંતુનાશક દવા પી લે છે.

# અવેરે જ શમે વેર - વેરથી વેર ના શમે !

અમર વારસો
ડૉ. રશ્મિકાન્ત મહેતા

એ પીપળાનાં પાન ખાઈને મોટો



થયો. આથી લોકો એને 'પિપ્પલાદ' કહેતા.

એ સમજણો થયો; ત્યારે એને ખબર હતી -

(૧) મારા પિતા દધિચી. દેવો એના શત્રુ અસુર વૃત્રને મારી શકતા ન હતા. કોઈ પરમ પવિત્ર પુરુષના અસ્થિમાંથી વજ્ર બને; તો એનાથી આ અસુર મરે તેમ હતો. તેઓ મારા પિતા પાસે આવ્યા અને પ્રસ્તાવ મૂક્યો. પિતાએ સંમતિ આપી. એમણે દેહત્યાગ કર્યો. એના અસ્થિથી વૃત્ર મરાયો. આ રીતે દેવોએ પોતાના સ્વાર્થ માટે મારા પિતાનો ભોગ લીધો.

(૨) મારી માતા ગભસ્તિ. એને મારા પિતા પાછળ અનુગમ કરવું હતું. પરંતુ હું એના ઉદરમાં હતો. મારો જન્મ થયો. પછી એને મને વનવાસિની દેવીને સોંપી દીધો. પછી એણે અનુગમન કર્યું. પ્રાણત્યાગ કર્યો. દેવોને કારણે આ થયું.

પિપ્પલાદને દેવોને માટે ભયંકર રોષ અને તિરસ્કાર થયા. એને બદલો લેવાનું ખૂન્નસ જાગ્યું; દેવોના વધનો નિર્ણય કર્યો. 'મારા પિતાને માર્યા, હું એમને મારું.'

ગૌતમી નદીને કિનારે પીપળાનું મોટું વૃક્ષ હતું. એની છાયામાં એને સ્થિર આસન લીધું. ભગવાન શિવની તપશ્ચર્યા શરૂ કરી. તપશ્ચર્યા ઉગ્ર બનતી ગઈ. નદીમાં અપ્સરાઓ સ્નાન કરવા આવે. લોભામણી ચેષ્ટાઓ કરે, પરંતુ એ જરા પણ વિચલિત ન થાય.

અંતે એની તપશ્ચર્યાથી શિવજી પ્રસન્ન થયા. એને વરદાન માગવા કહ્યું, પ્રભુ તો અંતર્યામી. છતાં એને પૂછ્યું, પિપ્પલાદે દંડવત્ પ્રણામ કર્યા. પોતાનો નિર્ણય જાહેર કર્યો અને કહ્યું, 'મારે દેવોનો વધ કરવો છે. એ રીતે બદલો લેવો છે.'

ભગવાને એને સમજાવ્યો :

(૧) તારા મુખમાં બદલાની વાત શોભતી નથી. તું કોનો પુત્ર છે? દધીચિના ત્યાગ અને સમર્પણની તો અત્યારે ગાથાઓ ગવાય છે.

(૨) યાદ રાખી લે તારા હૃદયમાં પ્રતિશોધની આગ છે, એની જવાળાઓ તને પોતાને દઝાડશે.

(૩) વેરથી કયારે વેર શમતું નથી.

પિપ્પલાદ ન માન્યો. પોતાના નિર્ણયમાં અડગ રહ્યો. શિવજી 'તથાસ્તુ' કહીને અંતર્ધાન થઈ ગયા. તરત જ અગ્નિનો ભડકો થયો. એમાંથી કૃત્યા પ્રગટ ગઈ. એણે પૂછ્યું - 'કોને મારવાના છે?' પિપ્પલાદે કહ્યું - 'દેવોને...'

તરત જ કૃત્યાએ ઝપટ મારીને એની બોચી ઝાલી લીધી. પિપ્પલાદે હેબતાઈને કહ્યું - 'દેવોને મારવાના છે; મને નહિ.' કૃત્યાએ સ્પષ્ટતા કરી - 'પરંતુ એ પહેલાં મારે એક માણસને મારીને એનું ભક્ષણ કરવાનું હોય. આટલામાં તો તારા સિવાય કોઈ મનુષ્ય નથી. એટલે પહેલાં હું તને મારીને તારું ભક્ષણ કરીશ.'

પોતાને જ આ રીતે મરવાનું છે,એની પ્રતીતિ પિપ્પલાદને થઈ ગઈ. એને ભગવાન શિવજીના શબ્દો યાદ આવી ગયા. એની યથાર્થતા સમજાઈ ગઈ. એણે મનોમન શિવજીને યાદ કર્યા, એ એનાં હૃદયમાં પ્રગટ થયા. પિપ્પલાદે કહ્યું, 'આ કૃત્યાનું શમન કરો.' શંકરે કહ્યું,'તું સંકલ્પ જાહેર કર. બદલાની ભાવનાનો સદંતર ત્યાગ કર. મનને નિર્મળ કરી નાખ.' પિપ્પલાદને પ્રતીતિ થઈ ગઈ હતી. 'વેરથી વેર શમતું નથી. પ્રતિશોધની આગ પોતાને જ દઝાડે.' એણે સંકલ્પ જાહેર કર્યો, કે તરત જ કૃત્યા શમી ગઈ અને નદીના પ્રવાહમાં પ્રવાહિત થઈ ગઈ.

# ઓલમ્પસ મોન્સ નામનો જવાળામુખી કયા ગ્રહ પણ આવેલો છે ?

ખજાનો
અનિલ પટેલ

### વિજ્ઞાન જગત

૧ નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ઓસનોગ્રાફી કયાં આવેલ છે?
(અ) પણજી (ગોવા) (બ) બેંગ્લોર (કર્ણાટક)
(ક) ભૂજ (ગુજરાત) (ડ) મુંબઈ (મહારાષ્ટ્ર)

૨ ઝામરનો રોગ કયા અંગને પ્રભાવિત કરે છે?
(અ) ગળાને (બ) આંખને
(ક) પગના તળિયાને (ડ) ઘૂંટણને

૩ દાંતની સફાઈ માટે વપરાતું ટુથપેસ્ટની શોધ કોણે કરી હતી ?
(અ) હેરોશ શોર્ટ (બ) જહોન બાર્બી
(ક) રાલ્ફ વેઝવુડ (ડ) જહોન રેન્ડ

૪ પ્લાસ્ટર ઓફ પેરીસ શામાંથી બને છે?
(અ) ચૂનામાંથી (બ) ચિરોડી (જિપ્સમ)
(ક) બોકસાઈડ (ડ) ફોસ્ફેટ

૫ હીરાકણીનું રાસાયણિક નામ શું છે ?
(અ) ફેરસ સલ્ફેટ (બ) કેલ્શિયમ કાર્બોનેટ
(ક) સોડિયમ હાઈડ્રોકસાઈડ (ડ) પોટેશિયમ કાયો સેલ્ફેટ

૬ કયો ગ્રહ યુદ્ધના ગ્રહ તરીકે ઓળખાય છે ?
(અ) બુધ (બ) શુક્ર
(ક) મંગળ (ડ) ગુરુ

૭ રાસાસણિક દૃષ્ટિએ હીરો શું છે?
(અ) સિલીકા (બ) ચુનાનું સ્વરુપ
(ક) પારાનું ઘન સ્વરુપ (ડ) શુદ્ધ કાર્બન

૮ કયુ પ્રવાહી સૌથી વજનદાર હોય છે?
(અ) પારો (બ) કેસ્ટર ઓઈલ
(ક) ગ્લીસરીન (ડ) આલ્કોહોલ

૯ સોડા વોટરની બનાવટમાં કયો વાયુ વપરાય છે?
(અ) ઓકસીજન (બ) નાઈટ્રોજન
(ક) કાર્બન ડાયોકસાઈડ (ડ) એમોનિયા

૧૦ જરાવિક - ૭ શું છે ?
(અ) કૃત્રિમ મગજ (બ) કૃત્રિમ હૃદય
(ક) કૃત્રિમ કીડની (ડ) કૃત્રિમ લીવર

૧૧ કયો ગ્રહ પૃથ્વીની જોડવા બહેન કહેવાય છે?
(અ) શુક્ર (બ) બુધ
(ક) મંગળ (ડ) શનિ

૧૨ કઈ ધાતુ ભવિષ્યની ધાતુ ગણાય છે ?
(અ) પ્લેટીનમ (બ) સિલ્વર
(ક) યુરેનિયમ (ડ) ટાઈટેનિયમ

૧૩ દુનિયાનું સૌથી ઝડપી દોડનારું પ્રાણી કયું છે ?
(અ) વાઘ (બ) ચિત્તો
(ક) કાળીયાર હરણ (ડ) ઘુડખર

૧૪ નેપ્ચ્યુન ગ્રહની શોધ કોણે કરી હતી ?
(અ) જહોન ગેલે (બ) ગેલેલિયો
(ક) હબલ (ડ) હેલી

૧૫ ઓલમ્પસ મોન્સ નામનો જવાળામુખી કયા ગ્રહ પણ આવેલો છે ?
(અ) પૃથ્વી (બ) ગુરુ
(ક) શુક્ર (ડ) મંગળ

### વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ**

- **૫ સપ્ટેમ્બર :**
  - 'ભારત રત્ન' સન્માનિત ડૉ. સર્વલલ્લી રાધાકૃષ્ણનનો જન્મદિવસ (૧૮૮૮)
  - 'વિક્રમ ઔર વેતાલ' અને 'લાપતા ગંજ' સિરિયલના લેખક શરદ જોષનું નિધન (૧૯૯૧)
  - ભારતીય ક્રિકેટર બેસ્ટ લેફ્ટ આર્મ સ્પિનર પ્રજ્ઞાન ઓઝાનો જન્મદિવસ (૧૯૮૬)
- **૬ સપ્ટેમ્બર :**
  - સાહિત્યકાર સુરેશ જોષીનું નિધન (૧૯૮૬)
  - શાંતિ માટે નોબેલ પ્રાઈઝ મેળવનાર અમેરિકન મહિલા શ્રઈમતી જેઈન એઈમ્સનો જન્મદિવસ (૧૮૬૦)
  - ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધ થયું (૧૯૬૫)
  - પાક. બેટ્સમેન સઈદ અનવરનો જન્મદિવસ (૧૯૬૮)
- **૭ સપ્ટેમ્બર :**
  - યુએનઈપી એ વર્ષ ૨૦૨૦ થી ઈન્ટરનેશનલ ડે ઓફ કલીન એર એન્ડ બ્યુ સ્કાય એટલે કે નીલ ગગન માટે ચોખ્ખી હવા જાળવવવાના આંતરરાષ્ટ્રીય દિવસ તરીકે ઊજવાનું ઠરાવવામાં આવ્યું.
  - સાહિત્યકાર દામોદર બોટાદકરનું નિધન (૧૯૨૪)
  - હાઈ વોલ્ટેજ જનરેટરના શોધક જેમ્સ આલ્ફ્રેડ વાન એલેનનો જન્મદિવસ (૧૯૧૪)
  - જર્મન હવાઈ દળના વિમાનોએ લંડન પર સતત આઠ કલાક બોમ્બમારો કર્યો જેના કારણે લંડન ભળકે બળ્યું હતું. (૧૯૪૦)
- **૮ સપ્ટેમ્બર : વિશ્વ સાક્ષરતા દિવસ**
  - કસુંબલ ડાયરાને દરબાર ગઢમાંથી આમ પ્રજા વચ્ચે લાવવાનું યશસ્વી કાર્ય હાથ ધરનારા હેમુ ગઢવીનો જન્મદિવસ (૧૯૨૯)
  - ઈન્ડિયન પોપથી લઈ કલાસિકલ ગીતો માટેના અવાજથી જાણીતાં આશા ભોંસલેનો જન્મદિવસ (૧૯૩૩)
  - ઈંદિરા ગાંધીના પતિ ફિરોઝ ગાધીની પુણ્યતિથિ (૧૯૬૦)
  - નિબંધકાર, ચિત્રકાર સ્વામી આનંદની જન્મજયંતિ (૧૮૮૭)
- **૯ સપ્ટેમ્બર :**
  - હિન્દી ભાષાનું ગૌરવ વધારનાર ભારતેન્દુ હરિશ્ચંદ્રનો જન્મદિવસ (૧૮૫૦)
  - કૃષ્ણમૂર્તિ 'કલ્કિ' ની જન્મજયંતિ (૧૮૯૯)
  - ગુણવંત રાય આચાર્યની જન્મજયંતિ (૧૯૦૦)
  - કે એના. અન્નાદુરાઈની જન્મજયંતિ (૧૯૦૯)
- **૧૦ સપ્ટેમ્બર : આત્મહત્યા વિરોધી દિવસ**
  - આઝાદીના લડવૈયા ગોવિંદ વલ્લભ પંતનો જન્મદિવસ (૧૮૮૭)
  - મોતીલાલ જામ સાહેબના નામે પ્રતિષ્ઠા મેળવનાર જામનગરના રણજિતસિંહનો જન્મદિવસ (૧૮૯૨)
  - સુંદરજી ગોકળદાસ બેટાઈનો જન્મદિવસ (૧૯૦૫)
  - મણલીલા દ્વિવેદીનો જન્મદિવદ (૧૮૫૮)

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**અવકાશ યાત્રી સુનિયા વિલિયમનું મૂળ વતન ગામનું નામ શું છે?**
**જવાબ : ગાંધીનગર પાસે આવેલ ઝુલાસણ ગામ**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) મીત પટેલ : સે-૨૩ (૨) હાર્દિક એન. ભટ્ટ : સે-૨૪ (૩) પરાગ એચ પટેલ : સે-૨૯ (૪) શિવાંગ બી પટેલ : સરગાસણ (૫) કે કે પટેલ : શુકન વિલા ફલેટ (૬) નટુભાઈ દરજી : પેથાપુર (૭) ઋજિત રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી (૮) મૂળજીભાઈ પરમાર : સે-૭

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**શિલ્પ સ્થાપત્યનો બેનમૂન નમૂનો એવી પાટણની 'રાણકી વાવ' કોણે બંધાવી હતી?**

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

# યે વક્ત વક્ત કી બાત હૈ

હળવે હૈયે
પ્રકાશ લાલા

જૂના કાળમાં (એટલે કે જયારે આમ જનતામાં ઘર કે હાથના કાંડે ઘડિયાળનું ચલણ નહોતું અને મોબાઈલ વગેરે તો કલ્પના બહારની ચીજો હતી ત્યારે...) ગામડાઓમાં...

'કૂડકે... કૂડ...
કૂકડો, બોલે, જન સૌ જાગે,
કૂકડાના આધારે....!'ની પરિસ્થિતિ હતી. ('કૂકડા વગર વહાલું વાય ?' કહેવત એટલે જ પડી હશે ને...)

પછી વખત બદલાયો એટલે
'દૂધ રે દૂધ...
દૂધ વાળો બૂમ પાડે...
લોકો જાગે, દૂધવાળાના આધારે!' નો સમય આવ્યો...
અને આજે તો
'ટ્રીંગ... ટ્રીંગ...
મોબાઈલમાં રીંગ કે નોટિફિકેશન આવે...
ફટ દઈને એ જાગે
મોબાઈલના આધારે...!!'
સમય સમયના ખેલ છે બધા. તેથી જ કહ્યું છે ને કે
'સમય બદલાય છે જયારે
બધું બદલાઈ જાય છે,
હવા પલટાઈ જાય છે
દિશા ફેરવાઈ જાય છે...'

જુઓને, યુવાનીનાં વર્ષોમાં સગાં-વહાલાં-મિત્રોને મળીએ કે 'ફોનાલાય' કહીએ એટલે 'શું ચાલે છે? હમણાં કયું પિક્ચર જોયું? કયાં ફરી આવ્યા ? આ સન્ડે શો પ્રોગ્રામ છે? પાર્ટી કે પિકનિક કરીએ, યાર... ગોઠવો... બદુ દિવસ થઈ ગયા...' એવી બધી વાતો થતી.... ને હવે ઉંમર થતાં 'કેમ છે તબિયત ? ડાયાબિટીસ કંટ્રોલમા છે ને ? બી.પી.નું કેમ છે ? ઘૂંટણ હેરાન કરે છે. દાઢ દુઃખે છે? તો સારા ડેન્ટીસ્ટ પાસે જઈ રૂટકેનાલ કરાવી નાખો... કબજિયાત માટે કઈ દવા લો છો..?' વગેરે જેવા સંવાદો થતા હોય છે... ભાઈ, 'સમય બડા બલવાન હૈ... નહીં મનુષ્ય બલવાન...'

એક જમાનો હતો જયારે બાળકો કંઈ ભૂલ કરે (વડીલોની દૃષ્ટિએ સ્તો !) કે તોફાન કરે તો મા-બાપ, દાદા-દાદી તરત જ એને ટકોરી શકતા...'તોફાની બારક, ડફોળ, મૂર્ખ... બોધો...' જેવા વિશેષણોથી એને નવાજતાં, ધમકાવતાં (એટલે કે બાળકોને ધમકાવી શકાતાં!) અને ધોલધપાટ પણ કરી શકતાં. (મારી શકાતાં!) પણ હાય રે! કમનસીબે વડીલોનું આ સ્વાતંત્ર્ય આજે છિનવાઈ ગયું છે.... આજે બાળકોને એવું કરી કે કીએ તો જુઓ... 'સ્માર્ટ' બાબો - બેબી જ ફટ દઈને સામો જવાબ આપી દેશે... અને બાકી હોય એમ બાળકનાં મમ્મી-પપ્પા.... મોમ-ડેડ બોલી ઊઠશે :

'પપ્પા, દાદા... ડીકુને એવું નહીં કહેવાનું... યુ.સી... એનામાં ઈન્ફિરિયારીટી કોમ્પ્લેક્ષ આવી જાય... એનું ડેવલપમેન્ટ અટકી જાય...' લો, બોલો!

બાળ ઊછેર વિજ્ઞાનની દૃષ્ટિએ આ વાત સાચી છે પણ 'ટિપાય તો પાકો થાય' કે 'સોટી વાગે ચમચમ વિદ્યા આવે ઝમઝમ' માં માનારા કે મોટેરા તો બાળકને બે શબ્દો કહી નાખે એવું સમજનારા વડીલોને તો સમસમીને મૌન થઈ બેસીને 'ડીકુ'ની હરકતો જોયે રાખવાની કે બીજું કંઈ?

પરદેશમાં તો કાયદો જ બાળકોને - સંતાનોને મારવા-ધમકાવવાની ના પાડે છે... અને જો કોઈ આવી ભૂલ કરે તો બાળક જાતે જ કે કોઈ દયાળુ (અને ઈર્ષાળુ પણ) પાડોશી પોલીસને ફોન કરી દે તો જેલમાં જવું પડે... વડીલોને તો સમસમીને શાંત-ચૂપ થઈ બેસી જ રહેવાનું ને...!

ને એટલે જ જોક છે ને કે એક ભાઈ દર વર્ષે એના તોફાની - કહ્યું ન મારનારા દીકરાને અમેરિકાથી ભારત લઈ આવે અને પ્લેન લેન્ડ થાય કે ઉતરીને ત્યાં એરપોર્ટ પર જ દીકરાની બરાબર ધોલાઈ કરી નાખે : 'બોલાવ પોલીસને, લે કર પોલીસને ફોન... મોકલી દે મને જેલમાં....' કોઈએ આવું કરવાનું કારણ પૂછ્યું તો કહે કે, 'ત્યાં મારી શકાતો નથી એટલે દર વર્ષે ટિકિટના પૈસા ખર્ચીને અહીં લઈ આવી બધી કસર પૂરી કરું છું...'

હવે કહો, છોકરાંઓને ધમકાવવાની, પ્રસંગોપાત હાથ ઉપાડવાના સ્વભાવવાળા વડીલોને પરદેશમાં કયાંથી ફાવે? તોય ફવડાવવું જ પડે છે દરેકે.... સમય સાથે જીવતાં શીખવું પડે, નહીં તો સમય જ શીખવી દે છે... બહાર ફરવાના ને ખાવાના શોખીનોને કોરોના તથા લોકડાઉને ઘરમાં રહેતાં ને ઘરનું ખાતાં ન શીખવી દીધું ! સહેજે વાંકા ન વળનારને ઘરકામમાં મદદ કરતા ન કરી દીધાં?

એટલે તો કહ્યું છે કે સમયથી જ મોટો શિક્ષક અને ડૉકટર કોઈ નથી કેમ કે, સમય જ શીખવે છે ને સમય જ દર્દ-દુઃખ ભૂલવાડે છે... માટે સમય મુજબ સઢ ફેરવતાં, પરિવર્તનને અનુકૂળ થતાં જેને ફાવે ને આવડે એ જસુખઈ થાય... બાકી, 'આ જુઓને... કેવું કેવું થઈ રહ્યું છે - બની રહ્યું છે... જૂની આંખે નવા તમાશા જોવાના આવ્યા છે...' એવાં રોદણાં રોતા બેસી રહો !!